# ગુજરાત સાહિત્ય અકાદમી– ગાંધીનગર

## પ્રકાશન અધિકારી (કરાર આધારિત)

- જગ્યાની સંખ્યા : ૦૧
- માસિક ફિક્સ પગાર : (₹) ૪૫,૦૦૦/–
- વયમર્યાદા : ૩૫ વર્ષ

## લાયકાત

- માન્ય યુનિવર્સિટીની ગુજરાતી ભાષા સાથે અનુસ્નાતકની પદવી ધરાવતા હોવા જોઈએ.

## અનુભવ અને અન્ય યોગ્યતા

- ભાષાંતર, પરિભાષા, સંશોધન, પ્રકાશન કે સંપાદક કાર્યનો પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.
- સાહિત્યિક વાતાવરણના આધુનિક વલણો, સાહિત્યિક સંસ્થાઓ અને ગુજરાતી ભાષાના પ્રકાશનોથી માહિતગાર હોવા જોઈએ.
- ગુજરાતી ભાષા પરનું પ્રભુત્વ અને પ્રૂફ રીડિંગ તેમજ પુસ્તક નિર્માણને લગતાં તમામ પાસાની જાણકારી હોવી જરુરી છે.
- ગુજરાતી અને હિન્દી ભાષાનું પૂરતુ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.

## શરતો અને બોલીઓ

**૧.** આ જગ્યા માટે નિયત કરવામાં આવેલ માસિક ફિક્સ પગાર ઉપરાંત અન્ય કોઇ પણ પ્રકારનાં ભથ્થા મળવાપાત્ર રહેશે નહી.

**૨.** નિમણૂક કરારના ધોરણે ગણવામાં આવશે. કરારની મુદત ૧૧ માસની રહેશે. કરારની મુદત પૂર્ણ થયેથી અપાયેલ નિમણૂકનો આપોઆપ અંત આવેલો ગણાશે.

**૩.** કરાર આધારિત ૧૧ માસના નિમણૂક મેળવનાર કર્મચારીનો કરાર ૧૧ માસ બાદ આપોઆપ રદ થયેલ ગણાશે.

**૪.** ઉભયપક્ષે એક માસની નોટિસ અથવા એક માસની ફિક્સ પગારની રકમ સાથેનો નોટિસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.

**૫.** નિયત ફિક્સ વેતન પર કોઈ પણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહીં.

**૬.** કરારના સમયગાળા દરમ્યાન તેઓને ફિક્સ વેતનમાં કોઈ પણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવાપાત્ર થશે નહીં. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત અથવા પગાર પંચના બીજા લાભો કે તબીબી ભથ્થું, મેડીકલ, રીએમ્બર્સમેન્ટ, પેન્શન, બોનસ, એલ.ટી.સી., રજાનું રોકડમાં રૂપાંતર, પેશગી જેવા સેવા વિષયક અન્ય કોઈ લાભો મળવાપાત્ર થશે નહીં.

**૭.** જે જગ્યા ઉપર નિમણૂક આપવામાં આવે તે જગ્યા માટે સરકારશ્રીએ નિયત કરેલ તમામ ફરજો બજાવવાની રહેશે. તે માટે કચેરી/સંસ્થામાં ફરજ પાલનનો જે સમય નિયત કરેલ હોય તે સમય પ્રમાણે કચેરી/સંસ્થામાં હાજરી આપવાની રહેશે.

૮. કરારના સમયગાળા દરમ્યાન કર્મચારીનું અવસાન થાય તો બજાવેલી ફરજના સમયગાળાની ફિક્સ વેતનની લેણી રકમ કર્મચારીના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. કોઇપણ પ્રકારનાં કરારીય સમયગાળા દરમિયાન કર્મચારી વિકલાંગ થાય તો તે અંગે કોઇપણ લાભ મળવાપાત્ર રહેશે નહી. બીજા નાણાંકીય લાભ, એક્સગ્રેસીયા લાભ જેવા આનુસાંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

૯. કરારના સમય દરમ્યાન માસિક ધોરણે ૧(એક) પરચુરણ રજા મળવાપાત્ર થશે. અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહીં. તે સિવાયની રજા ભોગવવામાં આવે તો તે રજાના દિવસના પગારની કપાત કરી લેવામાં આવશે.

૧૦. કાર્યમથક પર રહેઠાણે રહેવાનું ફરજિયાત રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકાશે નહીં.

૧૧. કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે ગેરશિસ્ત બદલ કોઈ પણ જાતની નોટિસ આપ્યા સિવાય કોઈ પણ સમયે કર્મચારીને છૂટા કરવામાં આવશે.

૧૨. વ્યવસાયવેરાની કપાત નિયમોનુસાર ફિક્સ પગારમાંથી કરવામાં આવશે.

૧૩. સરકારી સેવાની બાબત અંગે કોઈ પણ પ્રકારની ફોજદારી કે દિવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઈ પણ પ્રકારની જવાબદારી રહેશે નહીં.

૧૪. કરાર આધારીત નિમણૂક હોઈ તેઓને સરકારી મહેકમ ઉપર સમાવેશ થવા માટેનો કોઈ હક્ક રહેશે નહીં. આ માટે કોઇ પણ દાવા સ્વિકારવાનાં રહેશે નહી.

૧૫. કરાર આધારીત નિમણૂક માટે ઉપર મુજબની શરતો ઉપરાંત સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નક્કી થાય તે નિમણૂક પામનાર ઉમેદવારને બંધનકર્તા રહેશે.

૧૬. ઉપરોકત કરારની શરતો અને બોલીઓ મુજબ ૧૧માસનો કરાર રૂા.૩૦૦/-ના સ્ટેમ્પ પર કરી ઉમેદવાર હાજર થતા સમયે મેળવી લેવાનો રહેશે.

| **આ જગ્યા માટે પસંદગીની પ્રક્રિયા નીચે મુજબ થશે.** | |
|---|---|
| લેખિત કસોટી | ૫૦ ગુણ |
| કમ્પ્યુટર પ્રોફીશિયન્સી ટેસ્ટ | ૧૦ ગુણ |
| ઈન્ટરવ્યૂ | ૪૦ ગુણ |
| કુલ | ૧૦૦ ગુણ |

આવેદનપત્ર સંપૂર્ણ ઓનલાઈન ભરી તા. ૦૮/૦૮/૨૦૨૪ સુધીમાં કચેરી સમય દરમ્યાન જ અકાદમીને મળે તે રીતે અરજી ફોર્મ અને સાધનિક કાગળોની ખરી નકલ સાથે આર.પી.એડી કે સ્પીડ/સાદી ટપાલ/કુરિયરથી/રૂબરૂ પોસ્ટથી મોકલી આપવાની રહેશે.

**નોંધ :-**

- જગ્યાઓ ભરવા અંગે ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનો નિર્ણય આખરી રહેશે.

**મહામાત્ર**
**ગુજરાત સાહિત્ય અકાદમી**
**ગાંધીનગર**